પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૮૬, કુલ પાના:૪, તારીખ: ૦૩-૧૨-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 86 PRICE :-RS. 1.50 DATE : 03-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ખેડૂત આંદોલનને સાતમો દિવસ: ક્રાંતિકારી કિસાન યુનિયનની મોટી માંગ

## સરકાર કાયદાને ખતમ કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવે

ન્યુ દિલ્હી,
કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી-હરિયાણા બોર્ડર પર ખેડૂતોનું આંદોલન બુધવારે ૭માં દિવસે પણ યથાવત છે. ખેડૂતોએ સાંજે લગભગ સવા પાંચ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ કરી. ક્રાંતિકારી કિસાન યુનિયનના અધ્યક્ષ દર્શન પાલે કહ્યું કે સરકાર કાયદાને ખતમ કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવે. તેઓએ કહ્યું કે ૫ ડિસેમ્બરે મોદી સરકાર અને કોર્પોરેટ વિરૂદ્ધ સમગ્ર દેશમાં પ્રદર્શન કરવામાં આવશે.



ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ સ્વરાજ સિંહે કહ્યું કે, 'અમે રસ્તા પર નથી બેઠા. પ્રશાસને બેરિકેડ્સ અને જવાનોને ઊભા રાખીને અમારો રસ્તો રોક્યો છે અને તેથી અમે અહીં રોકાય ગયા છીએ. અમને આ જગ્યા અસ્થાયી જેલ જેવી લાગે છે અને અમને રોકવાની વાત ધરપકડ જેવી છે. અમે જેવા જ અહીંથી છૂટીશું કે સીધા જ દિલ્હી જશું.'

કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને રેલવે મંત્રી પીયૂષ ગોયલે, મંગળવારે ખેડૂતોને મનાવવામાં નિષ્ફળ રહ્યાં હતા, જેઓ આજે ગૃહ મંત્રી અમિત શાહને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. બંને

### ૫ ડિસેમ્બરે મોદી સરકાર અને કોર્પોરેટ વિરુદ્ધ સમગ્ર દેશમાં પ્રદર્શન કરવામાં આવશે

મંત્રીઓએ મંગળવારે ખેડૂતો સાથે થયેલી વાતચીતની અપડેટ શાહને આપી.

મંગળવારે સરકારની સાથે ૩૫ ખેડૂત સંગઠનની ૩ કલાક ચાલેલી વાતચીત કોઈ પણ જાતના પરિણામ વગરની રહી. મીટિંગમાં સરકાર તરફથી કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર ઉપરાંત રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજ્ય રાજ્ય મંત્રી સોમપ્રકાશ હાજર રહ્યાં હતા. મીટિંગમાં સરકાર કાયદા પર પ્રેઝન્ટેશન દેખાડીને ફાયદાઓ ગણાવતી રહી, પરંતુ ખેડૂતો ત્રણેય કાયદાને પાછા ખેંચવાની વાત પર જ અડગ રહ્યાં હતા. તેઓએ એટલે સુધી કહી દીધું કે અમે કંઈક તો પ્રાપ્ત કરીશું, તે પછી ભલે જ ગોળી હોય કે શાંતિપૂર્ણ ઉકેલ. ખેડૂતોએ કૃષિ કાયદાને ડેથ વોરંટ ગણાવ્યું.

## ખેડૂતોની માગણી નહીં સ્વીકારાય તો દિલ્હીમાં દૂધ-શાકભાજી રોકશે

ન્યુ દિલ્હી,
કૃષિ કાયદાનો વિરોધ કરતાં ખેડૂતો દિલ્હી બોર્ડરે અડગ છે. બીજી બાજુ બુધવારે ચંડીગઢમાં યુથ કોંગ્રેસે ખેડૂતોના સમર્થનમાં પ્રદર્શન કર્યું. હાલ ખેડૂતોએ સરકારની કોઈપણ શરત માનવાનો ઈનકાર કર્યો છે. હવે ગુરુવારે થનારી બેઠક પર નજર મંડાઈ છે.

હરિયાણાના જીંદમાં ખાપ પંચાયતોએ સરકારને ચેતવણી આપી છે કે, જો ૩ ડિસેમ્બરે સરકાર સાથે વાત નહીં બને તો પછી દિલ્હી જતાં ફળ, દૂધ અને શાકભાજીનું સપ્લાઈ



બંધ કરશે. અહીં ખેડૂત નેતા ઘરે ઘરે જઈને લોકોને દિલ્હી જવા માટે અપીલ કરી રહ્યાં છે.

ચંડીગઢમાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈએ હરિયાણાના મુખ્યમંત્રી મનોહર ખટ્ટર વિરુદ્ધ હલ્લાબોલ કર્યો. યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓની માગ છે કે, સીએમ ખેડૂતોની માગે. હરિયાણામાં ખેડૂતો પર બળ પ્રયોગ કરવામાં આવ્યું, તે ખોટું છે. પોલીસે યુથ કોંગ્રેસ પર વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો.

સાથે જ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ પણ ખેડૂતોના સમર્થનમાં આવ્યું છે. ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના હેડ કુલતરણ સિંહ અટવાલે કહ્યું કે, જો ખેડૂતોની માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો ૮ ડિસેમ્બરથી ઉત્તર ભારતમાં પોતાની તમામ કાર ટ્રકોને રોકી દેવાશે. તે બાદ પણ સરકાર નહીં માને તો દેશ વ્યાપી હડતાળ કરવામાં આવશે.

ખેડૂતોના આંદોલન પર દિલ્હીના વિજ્ઞાન ભવનમાં કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠન વચ્ચે બેઠક મળી હતી. આખા દેશમાં ચર્ચાનુ કેન્દ્ર બનેલા ખેડૂત આંદોલન મુદ્દે કરાયેલી આ બેઠકનું કોઈ ખાસ પરિણામ આવ્યું નથી. આ માટે ત્રીજી ડિસેમ્બરે કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠન વચ્ચે બીજી બેઠક યોજાશે.

## માસ્ક ના પહેરનાર લોકોએ કોવિડ સેન્ટરમાં કામ કરવું પડશે

ગાંધીનગર,
કોરોના મહામારીને ગંભીરતાથી ન લેનાર અને એકથી વધુ વાર માસ્ક ન પહેરતા ઝડપનાર લોકોને કોવિડ સેન્ટરમાં નોન મેડિકલ ફેસિલિટી સેવા માટે મોકલવાનો ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર, સોશ્યલ ડિસ્ટન્સ અને અન્ય નિયમનોનું પાલન કરનાર લોકો માટે કોવિડ કેર સેન્ટરમાં નોન મેડિકલ સેવા માટે મોકલવાનો પરિપત્ર બહાર પાડવાનો હુકમ કર્યો



છે. રાજ્ય સરકાર આગામી સુનાવણી, એટલે કે ૨૪ ડિસેમ્બરે ઉપરોકત સૂચનોના અમલનો સ્ટેટ્સ રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરે.

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક ન પહેરનાર લોકોને ૫ થી ૧૫ દિવસ સુધી લોકલ કોવિડ સેન્ટરમાં ૪ થી ૬ કલાક સુધી સેવા કરવાની નિર્દેશ કર્યો છે. આ મામલે વધુ સુનાવણી ૪ ડિસેમ્બર રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કરતા રાજ્ય સરકારે જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર વ્યક્તિને કોવિડ કેર સેન્ટરનો ચલણ આપ્યા બાદ તેનું અમલીકરણ કઈ રીતે કરવું એ મુદ્દે કોઈ નિણર્ય લઈ શક્યા નથી.

રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે માસ્ક ન પહેરનાર લોકોને ઝડપી કોવિડ કેર સેન્ટરનો ચલણ આપી શકાય પરંતુ એ વ્યક્તિ કોવિડ સેન્ટરમાં ગયો છે કે કેમ અને ક્યાં ક્યાં હોસ્પિટલમાં કે સેન્ટરમાં તેમને મોકલવા અને અમલવારી અંગે રાજ્ય સરકાર કોઈ નિર્ણય લઈ શકી નથી. માસ્ક ન પહેરનાર લોકોને કોવિડ કેર સેન્ટર મોકલવાના અમલીકરણ માટે વધારાના સ્ટાફની પણ જરૂર પડશે, જ્યારે વર્તમાન સમયમાં મોટાભાગના કર્મચારીઓ જુદી જુદી સેવામાં જોડાયેલા છે. અમે કડક પગલાં લઈ રહ્યાં છે આગામી

(અનુ.પાના.નં.૨)

## માસ પ્રમોશનની વાત પાયાવિહોણી, પરીક્ષા લેવાશે, અફવાઓ પર ધ્યાન ન આપો: શિક્ષણમંત્રી

ગાંધીનગર,
હાલ કોરોનાની મહામારીને કારણે ગુજરાતમાં ઓનલાઈ શિક્ષણ ચાલી રહ્યું છે. ત્યારે થોડા દિવસોથી લોકોમાં ચર્ચા ઉગ્ર બની છે કે, ધોરણ ૧૦ અને ૧૨ સિવાયનાં વર્ગોને માસ પ્રમોસશ આપી દેવામાં આવશે. શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાએ સ્પષ્ટ શબ્દોમાં આ વાતને રદિયો આપ્યો હતો અને લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવ્યું હતું. શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાએ જણાવ્યું કે, પરીક્ષા ન લેવાનો કોઈ વિચાર સરકારે કર્યો નથી. જે પણ વાત વહેતી થઈ છે તે પાયા વગરની છે. જ્યારે પણ શાળા ખુલશે અને જેટલો પણ અમે અભ્યાસક્રમ ભણાવ્યો હશે તેટલા અભ્યાસક્રમ પૂરતી પણ અમે પરીક્ષા લઈશું. તેમણે વધુમાં ટકોર કરતા જણાવ્યું કે, કોઈપણ વાત વહેતી થાય તે નહીં પરંતુ સરકાર તરફથી જે પણ જાહેરાત કરવામાં આવે તે જ વાત લોકોએ માનવી જોઈએ. કોઈ પાયા વગરની આધાર વગરની વાતને લોકોએ માનવી જ ન જોઈએ.



આ ઉપરાંત ફી નહીં ભરે તો શિક્ષણ નહીં અંગે બોલતા તેમણે જણાવ્યું કે, સ્કૂલ સંચાલક મંડળે સ્પષ્ટ કર્યું છે કે, ઓનલાઈન શિક્ષણ અમે ચાલુ રાખીશું. ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનની ફરિયાદ છે કે, ઘણા વાલીઓએ છેલ્લા છ મહિનાથી ફી જ ભરી નથી ઉપરાંત તેઓ સ્કૂલે મળવા પણ નથી આવતા કે સ્કૂલમાં ફી ક્યારે ભરશે અને ભરશે કે નહી તે પણ જાણ કરતા નથી.જેથી આવા વાલીઓના બાળકો માટે ઓનલાઈન શિક્ષણ બંધ કરવામા આવશે. અત્યાર સુધી ફી ન ભરનારા વાલીઓ જો ૧૫ ડિસેમ્બર સુધી સ્કૂલમાં મેનેજમેન્ટને મળવા નહી આવે કે રજૂઆત પણ નહી કરે તો તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવાશે. સરકારના ઠરાવ મુજબ વાલીએ ફી ન ભરવા મુદ્દે પણ સ્કૂલમાં રૂબરૂ આવીને લેખીત રજૂઆત કરવાની છે. જે વાલીઓ ફી નહી ભરી શકવા મુદ્દે રજૂઆત કરી છે તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે. પરંતુ ઘણા વાલીઓ મળવા નથી આવતા કે ફોનથી પણ જાણ નથી કરતા. જ્યારે બીજી બાજુ સ્કૂલ સંચાલક મંડળના આ નિર્ણયનો વાલી મંડળે વિરોધ કર્યો છે.આ મુદ્દે વાલી મંડળ સરકારને પણ રજૂઆત કરશે.

## ગુજરાતમાં રાજ્યસભાની વધુ એક બેઠક ખાલી પડી, હવે ૨ બેઠકો માટે ચૂંટણી થશે

ગાંધીનગર,
હજી ગત મંગળવારે રાજ્યસભાના ગુજરાતના સાંસદ અહમદ પટેલનું નિધન થયું હતું. ત્યારે એક સપ્તાહમાં ગુજરાતે વધુ એક રાજ્યસભાના સાંસદ ગુમાવ્યા છે. ભાજપના નેતા અભય ભારદ્વાજના નિધનથી ગુજરાતમાં રાજ્યસભાની વધુ એક બેઠક ખાલી પડી. સાંસદ અભય ભારદ્વાજનું નિધન થતા આ બેઠક ખાલી પડી છે. આ પહેલા અહેમદ પટેલના નિધનથી એક બેઠક ખાલી થઈ હતી. ત્યારે હવે ૨ બેઠક માટે ચૂંટણી થશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બંને બેઠકોની ચૂંટણી ડિસેમ્બરમાં જ પૂર્ણ કરાય તેવી શક્યતા છે. બંને બેઠકોની ચૂંટણી અલગ અલગ યોજાય તેવી શક્યતાઓ પણ દેખાઈ રહી છે. હાલ વિધાનસભામાં ભાજપનું સંખ્યા બળ ૧૧૧ છે, જ્યારે કે કોંગ્રેસનું સંખ્યાબળ ૬૫ છે. રાજ્યસભાની ૧૧ બેઠકોમાંથી ભાજપ પાસે ૬ બેઠકો છે. જ્યારે કે, કોંગ્રેસ પાસે ૩ બેઠકો છે અને ૨ બેઠક ખાલી છે.

### સંખ્યાબંધ સ્થળોએ રેડ એલર્ટની કરી જાહેરાત

## આવતીકાલે તમિલનાડુ-કેરળ પર ત્રાટકશે બુરેવી વાવાઝોડું



ચેન્નાઈ/તિરુવનંતપુરમ્,
"નિવાર" બાદ કેરળ અને તમિલનાડુ પર વધુ એક "બુરેવી" વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલ દબાણ શક્તિશાળી વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. આ વાવાઝોડુ દક્ષિણ તમિલનાડુના તટ પર ૪ ડિસેમ્બર સુધી પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, "બુરેવી" વાવાઝોડું સાંજે કે મોડી રાત્રે શ્રીલંકાના કાંઠા વિસ્તારમાંથી પસાર થશે. જે બાદ ૩ ડિસેમ્બરે પશ્ચિમ તરફ મુન્નારની ખાડી અને કન્યાકુમારી પહોંચવાની સંભાવના છે. ૨ ડિસેમ્બરથી કેરળમાં તોફાની પવન સાથે વરસાદની સંભાવના છે.

"બુરેવી" વાવાઝોડાના પગલે તમિલનાડુમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ કેરળ, કન્યાકુમારી, તમિલનાડુ અને અલાપ્પાઝામાં એનડીઆરએફની ટીમોને તૈનાત કરી દેવામાં આવી છે. માછીમારોને દરિયો ના ખેડવાની સૂચના આપવામાં આવી.

કેરળ હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, "બુરેવી" વાવાઝોડું ૨ ડિસેમ્બરની સાંજ કે રાત્રે શ્રીલંકાના કાંઠા વિસ્તારમાંથી પસાર થશે. આ સાથે જ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં તોફાની પવન સાથે ભારે વરસાદ વરસી શકે છે. દક્ષિણ-ઉત્તર તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, દક્ષિણ-ઉત્તર કેરળ, દક્ષિણ આંધ્ર પ્રદેશ અને લક્ષદ્વિપના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૬,૬૦૪ કેસો, રિકવરી રેટ ૯૪% વધુ

ન્યુ દિલ્હી,
વિતેલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના વધુ ૩૬,૬૦૪ કેસો નોંધાતા કુલ કેસોનો આંક ૯૫ લાખની લગોલગ પહોંચ્યો છે. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા ડેટા મુજબ દેશમાં રિકવરી દર ૯૪ ટકાએ પહોંચ્યો છે અને અત્યાર સુધીમાં કુલ ૮૯ લાખ દર્દીઓ કોરોના સામેન જંગ જીતીને સ્વસ્થ થયા છે. બુધવાર સવારે ૮ વાગ્યા સુધીમાં કોરોનાના નવા ૩૬,૬૦૪ દર્દીઓ નોંધાયા હતા અને કુલ સંક્રમિતોનો આંકડો વધીને ૯૪,૯૯,૪૧૩ થયો હતો. આ જ ગાળામાં વધુ ૫૦૧ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૧,૩૮,૧૨૨ થયો હતો. કોરોનાથી રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૮૯,૩૨,૬૪૭ થઈ હોવાથી રિકવરી રેટ ૯૪.૦૩ ટકા નોંધાયો છે અને મૃત્યુદર આંશિક વધીને ૧.૪૫ ટકા થયો છે. સતત ૨૨માં દિવસે દેશમાં કોરોનાના સક્રિય કેસો ૫ લાખથી નીચે રહ્યા છે. સરકારના જણાવ્યા મુજબ કુલ સક્રિય કેસો ૪,૨૮,૬૪૪ છે જે કુલ કેસ લોડના ૪.૫૧ ટકા હોવાનું જણાય છે. દેશમાં ૨૦ નવેમ્બરના ૯૦ લાખ દર્દીઓનો આંકડો પાર થયો હતો અને બે પખવાડિયાથી ઓછા સમયમાં વધુ પાંચ લાખ દર્દીઓ નોંધાયા છે.

આઈસીએમઆરના મતે ૧ ડિસેમ્બરના રોજ દેશમાં ૧૦,૯૬,૬૫૧ કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૧૪,૨૪,૪૫,૯૪૯ કોરોના સેમ્પલનું પરીક્ષણ હાથ ધરાયું હતું.

## છેલ્લા ૧૧ દિવસમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ૧.૫૦નો વધારો ઝીંકાયો

ન્યુ દિલ્હી,
પેટ્રોલ-ડીઝલના ભાવ દેશમાં ૨૫ મહિનાના ઉપલા સ્તર પર પહોંચી ગયા છે. છેલ્લા ૧૧ દિવસથી ઓઈલ કંપનીઓ સતત ભાવ વધારી રહી છે. નોંધનીય છે કે ૧૧ દિવસમાં ઓઈલના કિંમતો લગભગ ૧.૫૦ રૂપિયા પ્રતિ લીટર સુધી વધી ગઈ. સરકારી ઓઈલ કંપનીઓ એ આજે બુધવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ માં વધારો કર્યો છે. તેને કારણે દિલ્હીમાં આજે પેટ્રોલનો ભાવ ૮૨.૪૯ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલનો



ભાવ ૭૨.૬૫ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. બીજી તરફ મધ્ય પ્રદેશમાં પેટ્રોલનો ભાવ ૯૦ રૂપિયા પ્રતિ લીટરથી પણ વધી ગયો છે.

બીજી તરફ ડીઝલનો ભાવ ૮૧ રૂપિયા પ્રતી લીટરની નજીક પહોંચી ગયો છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ઐતિહાસિક ઘટાડા બાદ લોકો રાહતની આશા રાખી રહ્યા હતા. પરંતુ લોકોને કેન્દ્ર સરકારે આંચકો આપ્યો હતો. સરકારે પેટ્રોલ પર ૧૦ રૂપિયા અને ડીઝલ પર ૧૩ રૂપિયા પ્રતિ લીટર એકસાસાઈઝ ડ્યૂટી વધારી દીધી હતી. આ પહેલા વર્ષે ૨૦૧૪માં પેટ્રોલ પર ટેકસ ૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર હતો અને ડીઝલ પર ૩.૫૬ રૂપિયા. નવેમ્બર ૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૬ સુધી કેન્દ્ર સરકારે તેમાં નવ વાર વધારો કર્યો. આ ૧૫ સપ્તાહમાં પેટ્રોલ પર ડ્યૂટી ૧૧.૭૭ અને ડીઝલ પર ૧૩.૪૭ રૂપિયા પ્રતિ લીટર વધી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી નવયુગ ગ્રા.સ. મં.લી
માર્કેટયાર્ડ, ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શ્રી રામ જળ સ્ત્રાવ ગ્રામ વિકાસ મંડળ
મુ. વાવડી, તા. હાલોલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લામાં આજે ૨૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૧૫ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૧૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાપમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૭૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનું મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૮૯૩૫૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૭૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિ ટલ, લુણાવાડા, ૧૫૨ દર્દી હોમ આઇસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૬ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## મહિસાગર જિલ્લામાં જીલ્લા ન્યાયાલય ખાતે તથા તાબાની તાલુકા કોર્ટોમાં ૧૨ ડિસેમ્બરના રોજ યોજાશે ઈ-લોક અદાલત

લુણાવાડા, રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દીલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના ઉપક્રમે મહિસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ૧૨ ડીસેમ્બર ૨૦૨૦ ને શનિવાર ના રોજ ૧૦-૦૦ કલાકથી ઈ લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમાધાન લાયક કેસો જેવા કે (૧) ફોજદારી સમાધાન લાયક કેસો (૨) નેગોશીએબલ ઈસ્યુમેન્ટ એકટ કલમ -૧૩૮ ના કેસો (૩) બેન્ક રીકવરીના કેસો (૪) અકસ્માત વળતરના કેસો (૫) મજુર ડીસપ્યુટના કેસો (૬) જમીન સંપાદનના કેસો (૭) ફેરફાર/ભાગલા/ વિભાજન/ ભાડા બેન્ક વસુલાત/ સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮) વીજળી અને પાણીના બીલોના કેસો (૯) પ્રીલીટીગેશન કેસો (૧૦) રેવન્યુ કેસીસ (૧૧) ભરણ પોષણના કેસો અને કૌટુબિંક ઝઘડા અંગેના કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહિસાગર મુ.લુણાવાડા તથા મહિસાગર જિલ્લાની જે તે તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન ઓને સંપર્ક કરવો. હાલની મહામારી કોવીડ ૧૯ ની પરિસ્થિતિ ધ્યાને લઈ નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, હાઈકોર્ટ ઓફ ગુજરાત, સોલા, અમદાવાદનાઓનું માર્ગદર્શન એસ.ઓ.પી.નું ચૂસ્ત પાલન કરવાનું રહેશે. તેમ ઈ.ચા. ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, મહીસાગરની અખબારીયાદીમાં જણાવાયું છે.

## કોરોનાને કંટ્રોલમાં લાવવા માટે રાજય સરકારે ૧,૨૮૯ કરોડ રૂપિયાનો કર્યો ખર્ચ




ગાંધીનગર, ગુજરાત સરકારે કોવિડ-૧૯ને અંકુશમાં લાવવા માટે ચાલુ વર્ષના એપ્રિલ મહિનાથી ઓક્ટોબરની વચ્ચે ૧,૨૮૯ કરોડ રૂપિયાનો વિશાળકાય ખર્ચ કર્યો છે. જો આ રકમની આમ ગણતરી કરીએ તો આટલા રૂપિયાથી રાજયમાં ૪ હજાર બેડની ક્ષમતા ધરાવતી સંપૂર્ણ રીતે સજ્જ મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ બની શકે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં સરકાર કોવિડ-૧૯ના નિયંત્રણ પાછળ વધુ ૧ હજાર કરોડ રૂપિયા ખર્ચી શકે છે, કારણ કે ભવિષ્યમાં મહામારી વધુ વિકટ બનશે તેવું સંકટ તોળાયેલું છે. મંગળવાર સુધીમાં રાજયમાં કોવિડ-૧૯ના કારણે મૃતકોની સંખ્યા ૪ હજારને પાર પહોંચી ગઈ જ્યારે સંક્રમિતોની સંખ્યા ૭.૮ લાખ કરતાં વધારે છે. ઉલ્લેખનીય છે કે, દિવાળીના તહેવાર બાદ કોરોનાના કેસમાં જબરદસ્ત વધારો થયો છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજયએ ઓક્ટોબર મહિના સુધીમાં ૧,૨૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

'મોટાભાગનો ખર્ચ દવા, પીપીઈ કિટ્સ અને માસ્ક, ડાયગ્નોસ્ટિક કિટ, માનવ સંસાધનો અને કેટલીક વિશેષ માળખાગત જરૂરીયાતો પાછળ થયો છે', તેમ એક અધિકારીએ કહ્યું હતું. 'ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા વર્તમાન માસિક ખર્ચને આગળ વધારીને, કોવિડ કંટ્રોલ પ્રવૃતિઓ માટે ૧ હજાર કરોડનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ તમામ ખર્ચા બિનઆયોજિત છે અને આયોજિત ખર્ચ માટે ફાળવવામાં આવેલા બજેટ કરતાં વધુ છે', તેમ અધિકારીએ જણાવ્યું હતું. કોરોના કંટ્રોલ પ્રવૃતિઓ પરનો બિનઆયોજિત ખર્ચ રાજય સરકારની તિજોરી અને રાજયના આરોગ્ય માળખા પર મોટો બોજ બની રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકારે હાલમાં જ ૩૩૯ કરોડ રૂપિયાના ખર્ચે કિડની હોસ્પિટલના નવા ડિવિઝનનું બાંધકામ કરાવ્યું છે જ્યારે નવી યુ એન મહેતા હાર્ટ હોસ્પિટલ પાછળ ૩૩૯ કરોડ રૂપિયા વાપર્યા છે. 'સરકારે કોરોનાને કંટ્રોલમાં લાવવા માટે જે ખર્ચ કર્યો છે તેનાથી એક નવી તમામ સુવિધાઓથી સજ્જ ૪ હજાર બેડવાળી હોસ્પિટલ બનાવી શકી હોત. જો આપણે આવતા વર્ષના માર્ચ મહિના સુધી કોરોના કંટ્રોલના અંદાજિત ખર્ચને ધ્યાનમાં લઈએ તો નવી હોસ્પિટલની બેડની ક્ષમતા ૭૫૦૦ થઈ જશે', તેમ અધિકારીએ કહ્યું હતું.

## કોરોનાને કારણે શરદી-ખાંસી-એન્ટીબાયોટિક દવાઓના વેચાણમાં ધરખમ વધારો



અમદાવાદ, રાજયમાં કોરોના મહામારીને પગલે લોકોના સ્વાસ્થ્ય પર મોટી અસર જોવા મળી રહી છે. ત્યારે હજુ સુધી કોરોના વાઈરસની કોઈ રસી બની ન હોવાથી માત્ર માસ્ક જ કોરોના જેવા ભયંકર વાઈરસ સાથે રક્ષણ આપવાનું કામ કરે છે. બીજી તરફ, લોકો કોરોનાના ભયને કારણે પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઉકાળા તેમજ દવાઓ લઈ રહ્યા છે, જેને કારણે અમદાવાદ સહિત રાજયભરના દવાના માર્કેટમાં છેલ્લા ૮ મહિનામાં ૧૦૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને શરદી, ખાસી, તાવની દવામાં ૮૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.

ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ અને એફજીએસસીડીએના પ્રેસિડેન્ટ અલ્પેશ પટેલે વાતચીતમાં જણાવ્યું હતું કે માર્ચ મહિનામાં કોરોના મહામારીની રાજયમાં શરૂઆત થયા બાદ દવાના વ્યવસાયમાં ૧૦૦ ટકાનો વધારો થયો છે, કારણ કે કોવિડને લગતી કેટલીક પ્રોડક્ટોની ડિમાન્ડ મોટા પ્રમાણમાં વધી ગઈ છે, જેમ કે મલ્ટીવિટામિન, વિટામિન-સી કે પછી કેટલીક ઈજેકટેબલ જે હોસ્પિટલમાં દર્દીઓ માટે વપરાય છે. એ તમામ પ્રોડક્ટના વેચાણમાં વધારો થયો છે, સાથે જ શરદી, ખાસી, તાવ જેવી દવાઓના વેચાણમાં ૭૦થી ૮૦ ટકાનો વધારો થયો છે. એ સિવાય અન્ય બીમારીઓ, જેવી કે પેટમાં દુખાવો, બીપીની દવા, એન્ટીબાયોટિક, પેરાસિટામોલ વગેરેના વેચાણમાં ૪૦થી ૫૦ ટકાનો વધારો નોંધાયો છે.

તેમણે વધુમાં કહ્યું, સામાન્ય દિવસોમાં જે લોકો મેડિકલમાંથી એક-બે પેકેટ દવાના લઈ જતા હોય છે, ત્યારે કોરોનાકાળ દરમિયાનથી લોકો એકસાથે ૧૦-૧૦ પેકેટની ખરીદી કરી લે છે, જેને કારણે મોટા ભાગના મેડિકલ સ્ટોર પણ જથ્થાબંધ દવાઓની ખરીદી કરી રહ્યા છે. બીજી તરફ, કોરોનાની શરૂઆતમાં આયુર્વેદિક દવાઓનું માર્કેટ ખૂબ જ વધી ગયું હતું, પરંતુ સેકન્ડ વેવ આવ્યો તેમાં આયુર્વેદિક દવાના વેચાણમાં કોઇ ખાસ વધારો જોવા મળ્યો નથી, પરંતુ આયુર્વેદિક દવાઓમાં સુદર્શન ઘનાવતી, ગિલોઈ, સમસનવતી જેવી દવાઓનું વેચાણ સારું રહ્યું છે.

### (પાન નં.૧ નું ચાલુ)

**માસ્ક ના પહેરનાર લોકોએ....**

સોમવાર સુધી સ્થિતિ સુધરશે તેવી આશા વ્યક્ત કરી હતી. કોવિડની સ્થિતિમાં ખાસ કરીને પાછલા ત્રણ દિવસમાં સુધાર જોવા મળ્યો છે. પાછલા ત્રણ દિવસમાં ૧૦૮ – ૧૦૪ને કોલ્સ, માસ્ક ન પહેરનાર લોકોની સંખ્યા અને ઓક્સિજનની માસ્કમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. કોરોનાને લગતા નિયમોનું પાલન થાય અને લોકો માસ્ક પહેરે તેના માટે શહેરના દર ચાર રસ્તા પર પોલીસ તૈનાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના જવાબ બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે જણાવાયું હતું કે આ સમય ખૂબ જ મહત્વનો છે. એક સપ્તાહ પછી પરિસ્થિતિ સુધારી કે વણસી પણ શકે છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ તાવનો ઉદાહરણ આપતા કહ્યું કે વ્યક્તિને ૧૦૪નો તાવ આવ્યો હોય અને હવે ઘટીને ૧૦૨ થઈ ગયો હોય ત્યારે જો વધુ કડક નિયમો બનાવવામાં આવે તો સ્થિતિમાં સુધાર થઈ શકે છે. અરજદાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે કોરોનાના આંકડા વધારે કમ થતા રહે છે.

## વડોદરોમાં સગા બાપે પોતાની સગીર દીકરી પર ૯ માહ આચર્યું દુષ્કર્મ

વડોદરા, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં હવસખોર પિતાએ પોતાની સગીર દીકરી પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ ભાદરવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસે આરોપી પિતાની અટકાયત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. સાવલી તાલુકાના નમીસરા ગામમાં રહેતા દિવાન પરિવાર રહે છે. પરિવારના ફારૂકશા સલીમશા દિવાન(ઉ.૩૮) છકડો રીક્ષા ચલાવે છે.

છેલ્લા ૯ માસથી પોતાની ૧૪ વર્ષની સગીર દીકરીને હવસનો શિકાર બનાવતો હતો. સગીર દીકરી સમયસર માસિક ધર્મમાં ન આવતા મુંઝવણમાં રહેતી હતી. જેથી માતાએ તેની પૂછપરછ કરતા સગીરાએ પિતા તેની સાથે દુષ્કર્મ કરતા હોવાનું હતું. સગીર દીકરીની વાત સાંભળી માતા પણ ચોંકી ઉઠી હતી. તેઓએ પતિને ઠપકો આપતા પતિએ આ બાબતે કોઈનો જાણ કરીશ તો તને, તારી છોકરી અને પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૩-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ કારતક વદ-૩, સૂર્યોદય-૭-૧૨, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ: મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૧૫થી ૧૨-૫૮, ૭-૧૩થી શુભ-૮-૩૪ સુધી, ૧૧-૧૬થી ચલ-લાભ-અમૃત-૧૫-૧૯ સુધી, ૧૬-૪૦થી શુભ-અમૃત-ચલ-૨૧-૧૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૧૩ થી ૮-૦૭ સુધી, ૯-૫૫ થી ૧૨-૩૭ સુધી, ૧૩-૩૦થી ૧૪-૨૫ સુધી, ૧૬-૧૩ થી ૧૯-૦૭ સુધી |

## ચીને ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણનું ષડ્યંત્ર રચ્યું હતું



વોશિંગ્ટન, અમેરિકી સંસદે કોંગ્રેસની એક ટોચની સમિતિએ પોતાના વાર્ષિક અહેવાલમાં સનસનાટીપૂર્ણ ખુલાસો કરતા કહ્યું છે કે, ચીનની સરકારે જ આ વર્ષે જુનમાં ભારત સરહદે ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણનું ષડયંત્ર રચ્યુ હતું.

અમેરિકી અહેવાલ પ્રમાણે આ હુમલા પાછળનો ચીનનો હેતુ પોતાના પાડોશી દેશો વિરૂદ્ધ 'ધાક-ધમકી' અભિયાન વધારે આક્રમક બનાવવાનો હતો. ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકોએ રાતના અંધારામાં છુપાઈને અનેક તીક્ષ્ણ અને બોથડ હથિયારો વચ્ચે ભારતીય સૈનિકો પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. જેમાં ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતાં જ્યારે ચીનના ૪૦ થી પણ વધારે જવાનો માર્યા ગયા હતાં.


અમેરિકાના ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા આયોગએ પોતાના વર્તમાન રિપોર્ટમાં કહ્યું છે કે, કેટલાક મહત્વના પુરાવાઓ દર્શાવે છે કેમ ચીની સરકારે જ ગલવાન હુમલાનું ષડયંર રચ્યું હતું. તેમાં સૈનિકોની હત્યા નિપજાવવાની શકયતા પણ શામેલ છે. યુએસસીસીની સ્થાપના વર્ષ ૨૦૦૦માં કરવામાં આવી હતી જે અમેરિકા અને ચીન વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યાપારના મુદ્દાઓની તપાસ કરે છે. આ કમિટી અમેરિકી કોંગ્રેસને ચીન વિરૂદ્ધ વિધાયી અને પ્રશાસનિક કાર્યવાહીની ભલામણ પણ કરે છે.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીની સરકારે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ઉશ્કેરણીજનક પગલા ભરવા પાછળના ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયા નથી. પરંતુ ચીનના આ પગલા પાછળનું સંભવિત કારણ ભારતના સરહદી વિસ્તારોમાં રણનૈતિક રસ્તાઓનું બાંધકામ કરવાનો છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ગલવાન હિંસાના થોડા જ સમય પહેલા ચીનના સંરક્ષણ મંત્રી વીઈએ પોતાના જવાનોને સ્થિરતા લાવનારા યુદ્ધ કરવા માટે ઉત્સાહિત કર્યા હતાં.

એટલુ જ નહીં ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના બગલબચ્ચા ગ્લોબલ ટાઈમ્સે પણ ભારતને ચેતવણી આપી હતી. આ ચેતવણીમાં ગ્લોબલ ટાઈમ્સે કહ્યું હતું કે, જો ભારત અમેરિકા-ચેનના પ્રતિદ્વંદ્વિઓમાં શામેલ થશે તો તેને વ્યાપાર અને આર્થિક મોરચે આકરો જવાબ આપવામાં આવશે.

ગલવાન હિંસાના થોડા સપ્તાહ પહેલા જ કેટલીક સેટેલાઈટ તસવીરો પણ હાથ લાગી હતી જેમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું હતું કે, ચીને આ હિંસા આદરી તે પહેલા જ મોટી સંખ્યામાં હજારોની સંખ્યામાં જવાનો તૈનાત કર્યા હતાં.

## હવે NRIને પણ મળશે વોટનો અધિકાર, ચૂંટણીપંચે કેન્દ્ર સરકારને મોકલ્યો પ્રસ્તાવ




ન્યુ દિલ્હી, ચૂંટણીપંચે બિનનિવાસી ભારતીયો પોસ્ટલ બેલટના માધ્યમ દ્વારા ચૂંટણીમાં મતદાન કરી શકે તે માટે કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલ્યો છે. આ એક એવું પગલું છે જેને કંડકટ ઓફ ઈલેકશન રુલ્સ ૧,૯૬૧ના સંશોધનના માધ્યમથી લાગુ કરી શકાય છે. તેના માટે સંસદની મંજૂરીની પણ જરૂર નહીં પડે.

અહેવાલ મુજબ ચૂંટણીપંચે છેલ્લા એક અઠવાડિયામાં કાયદા મંત્રાલયને જણાવ્યું હતું કે આગામી વર્ષે યોજાનારી અસમ, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી દ્વારા એનઆરઆઈ મતદાતાઓને ઈલેકટ્રોનિક સ્વરૂપમાં પ્રેષિત પોસ્ટલ બેટલ સિસ્ટમનો વિસ્તાર કરવા માટે ટેકનિકલ રીતે વહીવટી અને ટેકનિકલ સ્વરૂપમાં પંચ તૈયાર છે. હાલમાં વિદેશમાં રહેતા ભારતીય મતદારો ફક્ત સંલગ્ન મતવિસ્તારોમાં જ પોતાનો મત નાખી શકે છે.

અહેવાલ મુજબ વિદેશમાં રહેતા ભારતીયોની સંખ્યા એક કરોડ ઉપર છે. તેમાથી લગભગ ૬૦ લાખ જેટલા લોકો મતદાનને પાત્ર હોઈ શકે છે. આ ઈટીપીબીએસ હાલમાં ફક્ત સર્વિસ મતદાતાઓ માટે જ ઉપલબ્ધ છે. આ પ્રણાલિ હેઠળ પોસ્ટલ મતપત્રોને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મોકલવામાં આવે છે અને સાધારણ મેઈલના માધ્યમથી પરત કરવામાં આવે છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વિદેશમાં રહેતા એનઆરઆઈને આ સગવડ પૂરી પાડવા માટે ફક્ત કંડકટ ઓફ ઈલેકશન્સ રુલ્સ ૧,૯૬૧માં સંશોધન કરવાની જરૂર છે. આમાટે સંસદની મંજૂરીની જરૂર નહીં હોય. ચૂંટણીપંચના પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે પોસ્ટલ બેલટ દ્વારા મતદાન કરવા ઈચ્છુક કોઈપણ એનઆરઆઈને ચૂંટણીની સૂચના પછી ઓછામાં ઓછા પાંચ દિવસમાં રિટર્નિંગ ઓફિસર (આરઓ)ને જણાવવું પડશે.

### દૈનિક રાશીફળ

**તા.૦૩.૧૨.૨૦૨૦ ગુરૂવાર**

મેષ (અ.લ.ઈ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

વૃષભ (બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

મિથુન (ક.છ.ઘ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

કર્ક (ડ.હ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

સિંહ (મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક (ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

મકર (ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

કુંભ (ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

મીન (દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ પંડયા ફાર્મ નજીક બેંકના રીકવર એજન્ટની લુંટ પ્રકરણમાં એજન્ટ યુવક લુંટ કાવતરું રચ્યુ હોવાનું તપાસમાં સામે આવ્યું

દાહોદ,

ત્રણ દિવસ અગાઉ દાહોદ શહેરના પંડ્યા ફાર્મ નજીક રામ કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ, દાહોદમાં એજન્ટ તરીકે ફરજ બજાવતાં એક યુવકની પાસેથી રોકડા રૂા.૧,૯૬,૩૦૦ની બે લુંટ ચાર અજાણ્યા લુંટારૂઓ આ રોકડા રૂપીયા ભરેલ બેગ લઈ ફરાર થઈ ગયા હોવાની આ એજન્ટ યુવક દ્વારા કેફીયત પુર્વકની ફરીયાદ દાહોદ શહેર પોલીસ મથકે નોંધાવી હતી. આ ઘટનાને ગંભીરતાને ધ્યાનમાં લઈ તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરતાં એજન્ટ યુવક પરજ પોલીસને શંકા જતાં તેની ઘનિષ્ઠ પુછપરછ કરતાં યુવકે જાતે જ પોતાના એક સાથી મિત્રની મદદથી આ લુંટની ઘટનાનું સુનિયોજીત કાવતરૂ રચ્યું હોવાનું બહાર આવતાં બેંક સત્તાધિશોમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ એજન્ટ યુવક દ્વારા બેન્કના રિકવર કરેલ નાણાં વપરાઈ ગયા હોવાથી આ લુંટનું કાવતરૂ રચ્યું હતું. પોલીસે એજન્ટ યુવક તેમજ તેના સાથી મિત્રની તાત્કાલિક ધરપકડ કરી તેઓની પાસેથી રોકડા રૂા.૬૪,૨૦૦ રિકવર કર્યાનું પણ જાણવા મળે છે.

દાહોદ તાલુકાના રળીયાતી ગામે સાંસીવાડ વિસ્તારમાં રહેતો અને દાહોદમાં આવેલ રામ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ.,દાહોદમાં એજન્ટ તરીકે ફરજ બજાવતો હેમંતકુમાર પ્રકાશભાઈ ભાના (સાંસી) દ્વારા ગત તા.૩૦મી નવેમ્બરના રોજ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તે દિવસે રાત્રીના દશેક વાગ્યાના અરસામાં બે મોટરસાઈકલ પર આવેલ ચાર અજાણ્યા લુંટારૂઓએ તેની પાસે રહેલ બેન્ક રિકવરના રોકડા રૂપીયા ૧,૯૬,૩૦૦ની બેગ લુંટારૂઓ હેમંતભાઈને શરીરે બ્લેડ તેમજ મારી નાંખવાની ધમકી આપી લુંટી લઈ ગયા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ દાહોદ એલ.સી.બી.પોલીસે તપાસનો આરંભ કરતાં સૌ પ્રથમ જ આ હેમંત ઉપર પોલીસને શંકાની સોઈ ગઈ હતી અને પોલીસે ટેકનીકલ સોર્સ મારફતે તેમજ જુદી જુદી ટીમો બનાવી આ કેસ તરફ તપાસ હાથ ધરી હતી અને હેમંતને બોલાવી કડક હાથે તેની પુછપરછ કરતાં તેને કબુલ્યું હતુ કે, પોતાના પરચુરણ કામ અર્થે રૂા.૧,૩૨,૦૦ વાપરી નાંખ્યા હતા અને જે પૈસા બેન્કમાં ભરવા ના પડે તે માટે આ લુંટનો પ્લાન કર્યો હતો અને તેના મિત્ર પંકજ અશોકકુમાર દેવચાની (સિંધી)ને દાહોદ પંડ્યા ફોર્મ નજીક બોલાવી લુંટના પ્લાનની સમજ આપી હતી. બેન્કના વાપરતા લીધેલ બાકીના રૂા.૬૪,૧૦૦ પંકજને આપ્યા હોવાનું પણ કબુલ્યું હતુ.

પોલીસે આ બાદ ઉપરોક્ત બંન્ને જણાની તાત્કાલિક અટકાયત કરી તેઓની પાસેથી રૂા.૬૪,૨૦૦ રિકવર કર્યા હતા. આમ, દાહોદ એલ.સી.બી.પોલીસે આ ગુન્હાનો ભેદ ગણતરીમાં ઉકેલી નાંખ્યો હતો ત્યારે બીજી તરફ બેન્ક આલમમાં પણ આ ઘટનાને પગલે એકક્ષણે સ્તબ્ધતાનો માહોલ છવાઈ ગયો હતો.

## દાહોદમાં માસ્ક વગર ફરતા લોકોનું સ્થળ ઉપર ટેસ્ટ એક વ્યકિત કોરોના પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં મોકલાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિવાળી બાદ એકાએક કોરોના સંક્રમણના કેસો વધતાં એક્શનમાં આવેલ આરોગ્ય તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસથી માસ્ક વગર ફરતાં લોકોના સ્થળ પર જ વાનમાં રેપીટ ટેસ્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે. આજે પણ દાહોદ શહેરના ભરપોડા સર્કલ પાસે આરોગ્ય તંત્રની વાન પહોંચી હતી અને ત્યાંથી માસ્ક વગર લોકોના રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી એક વ્યક્તિને કોરોના પોઝીટીવ આવતાં તેને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેરમાં દિવાળી બાદ કુદકે ને ભુસકે કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે. આજે પણ એક સાથે ૨૫ કેસો સામે આવ્યા છે. ખાસ કરીને દાહોદ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી સતત કેસનો વધારો જોવા મળી રહ્યો છે. આવા સમયે નિષ્કાળજી દાખવી માસ્ક વગર ફરતાં લોકો સામે આરોગ્ય તંત્રએ લાલ આંખ કરી છે અને તેમના સ્વાસ્થ્યની પણ ચિંતા કરી દાહોદ શહેરમાં દિવાળી બાદ સ્પેશ્યલ વાનની સુવિધા સાથે સ્થળ પર જઈ અગાઉ દાહોદ શહેરમાંથી પથારાવાળા, લારી ગલ્લાવાળી તેમજ રાહદારીઓને સ્થળ પર જ કોરોનાનો રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યા હતા ત્યારે આજે પણ દાહોદ શહેરના ભરપોડા સર્કલ પાસે દાહોદ આરોગ્યની ટીમ વાન સાથે પહોંચી જઈ માસ્ક વગર જોવાતા લોકોને રોકો તેઓનો વાનમાં જ રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જાણવા મળ્યા અનુસાર, આજે ૩૦ જેટલા લોકોના રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૦૧ વ્યક્તિને કોરોના પોઝીટીવ મળતાં તેને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી દેવામાં આવ્યો હતો.

## ઝાલોદના ટાંડી ગામેથી બાઈકની ચોરી

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ટાંડી ગામેથી એક સોસાયટીમાં લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ટાંડી ગામે પ્રગતિ નગર સોસાયટીમાં રહેતા નંદનકુમાર પરથીંગભાઈ મુનીયાએ ગત તા.૨૬મી નવેમ્બરના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરનાં આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નંદનકુમાર પરથીંગભાઈ મુનીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો વધ્યા : છેલ્લા ત્રણ દિવસમાં ૯ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી માર્ગ અકસ્માતોના બનાવોમાં ધરખમ વધારો નોંધાવા પામ્યો છે. છેલ્લા ત્રણ દિવસોની અંદર માર્ગ અકસ્માતનો બનાવોમાં ૯ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવી બેઠા છે. ત્યારે વાહન ચાલકોની ગફલતના કારણે વધુ ૦૩ બનાવોમાં પણ ત્રણ જણાના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના મુવાલીયા ક્રોસિંગ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૦મી નવેમ્બરના રોજ એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ગરબાડા તાલુકાના બોરીચાળા ગામે ચૌહાણ ફળિયામાં રહેતા મુકેશભાઈ સકરાભાઈ બામણીયાને અડફેટમાં લેતાં મુકેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે બોરીચાળા ગામે ચૌહાણ ફળિયામાં રહેતા વિકાસભાઈ દેવાભાઈ ચૌહાણે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના નવાગામ ઢોલીચા ફળિયામાં રહેતા રાજેશભાઈ પરથીભાઈ નલવાયા ગત તા.૩૦મી નવેમ્બરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પુરઝડપે અને ગફલત ભરી રીતે નવાગામ ચાર રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન મોટરસાઈકલ પરનો કાબુ ગુમાવી બેસતાં રાજેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા અને તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પરજ મોત નીપજતાં આ સંબંધે નવાગામ ઢોલીચા ફળિયામાં રહેતા દિનેશભાઈ પરથીભાઈ નલવાયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ ફતેપુરા તાલુકાના હડમત ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧ ડિસેમ્બરના રોજ એક ક્રુઝર ગાડીના ચાલકે પોતાના કબજાની ક્રુઝર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ ફતેપુરા તાલુકાના કંથાગર ગામે ઉસરા ફળિયામાં રહેતા સુરસીંગભાઈ વાઘજીભાઈ બામણીયાની મોટરસાઈકલને અડફેટમાં લેતાં સુરસીંગભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે કોરોનામાં કેસોમાં ધરખમ વધારો નોંધાવા પામ્યા છે. આજે એક સાથે ૨૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાતાં જિલ્લામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. આજના ૨૫ પૈકી દાહોદ અર્બનમાંથી જ ૧૩ કેસોનો સમાવેશ થાય છે. આ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૨૪૭ ને પાર થઈ ગયો છે.

વધુ મળતી માહિતી પ્રમાણે આર.ટી.પી.સી.આર.ના ૪૧૧ પૈકી ૨૧ અને ૧૩૬૬ રેપીટ ટેસ્ટ પૈકી ૦૪ મળી આજે ૨૫ કેસો નોંધાયા છે. આ ૨૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૩, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૪, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૮૯ રહેવા પામી છે. ત્યારે દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી પોતાનો જીવ ગુમાવનાર ૮૨ લોકોનો સમાવેશ થાય છે.

## દાહોદમાં પરિસ્થિતિ ભયાનકઃ કન્ટેન્મેન્ટ ઝોનમાં ધરખમ વધારાથી પરિસ્થિતિ ચિંતાજનક

દાહોદ,

દિવાળીના તહેવારો દરમિયાન લોકોએ કરેલા પર હોય તેમજ બહારગામથી આવેલા મજૂર વર્ગના લીધે દાહોદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં બરોડાના કેસોમાં ધરખમ ઉછાળો આવતા દાહોદમાં પરિસ્થિતિ ભયજનક થઈ જવા પામી છે. જેના લીધે શહેર–જિલ્લામાં કન્ટેન્ટ ઝોનમાં પણ ઉત્તરોત્તર વધારો થવા પામ્યો છે. પિક્ચર ગત ૧૩ તારીખ સુધી દાહોદમાં એક્ટિવ કેસોની સંખ્યા ૪૫ હતી. અને કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૫૪ હતી. ત્યારબાદ એકાએક વધેલા કેસોના લીધે ગઈકાલ સુધીમાં કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા ૧૭૫ પહોંચી ગઈ છે. દાહોદમાં આજદિન સુધી નોંધાયેલા કોરોનાના કેસોમાંથી દાહોદ શહેરમાં આજદિન સુધીમાં ૧૩૬૮ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ૮૭૯ કેસો નોંધાયા છે. જયારે દાહોદ શહેરમાં હાલ ૧૪૩ કંટેઈન્મેન્ટ ઝોન નોંધાયેલા છે. જેના પરથી અંદાજ લગાવી શકાય છે કે કોરોનાથી દાહોદ શહેરમાં કેવી પરિસ્થિતિ છે. જોકે આ તમામ પરિસ્થિતિ વચ્ચે આરોગ્ય વિભાગ પણ કોરોના સંક્રમણને નાથવા સતત પ્રયાસ કરી રહ્યું છે.

## દે.બારીઆના રામા ગામે ૪૫ વર્ષીય વ્યકિત આડેધડ ઉપર દિપડા એ હુમલો કરતાં સારવાર માટે ખસેડાયા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના રામા ગામના ભરતસિંહ નામના ૪૫ વર્ષીય આધેડને આજે તા.૦૧/૧૨/૨૦૨૦ ને મંગળવારના રોજ વહેલી સવારે તેમના પોતાના ખેતરમાં દિપડાએ હુમલો કર્યો. દીપડા એ તેમને માથામાં, બોચીના ભાગે તથા મોઢા ઉપર પંજાના નીશાન બનાવી ધંભીર ઈજાઓ પહોચાડી.

તેઓને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા દેવગઢ બારીયા સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને વધુ સારવાર અર્થે ગોધરા ખસેડવામાં આવ્યા.

## અમદાવાદમાં બેંક ઓફ ઈન્ડિયામાં આગ, તમામ સામાન બળીને ખાખ




અમદાવાદ,

અમદાવાદની નારણપુરા બેંક ઓફ ઈન્ડિયામાં આગ લાગતા ભયનો માહોલ છવાયો હતો..તમામ સામાન બળીને ખાખ થઈ ચૂક્યો છે..આ આગની ઘટનામાં એસી અને કમ્પ્યુટર બળીને ખાખ થઈ ગયા હતા..આખા બિલ્ડીંગમા ફાયર સેફટી નહી હોવાનું બહાર આવ્યું..ફક્ત બેંકમાં બે ત્રણ સિલિન્ડર જ હતા. ત્રણ ચાર ગાડીઓએ પાણી મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં ડોક્યુમેન્ટ બળી ગયા હતા.જો કે બધા લોકર સુરક્ષિત હતા.

## વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે બ્લાઈન્ડ વેલફેર ખાતે દિવ્યાંગોને વિવિધ યોજનાઓનું માર્ગદર્શન અપાશે

દાહોદ,

દાહોદના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૩ ના રોજ વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલ, દાહોદ ખાતે સવારે ૧૦.૩૦ થી ૧૨ કલાક દરમિયાન દિવ્યાંગોને વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન અપાશે અને સમાજ સુરક્ષા કચેરી ખાતે ચાલતી દિવ્યાંગો માટેની વિવિધ યોજનાઓ બાબત માહિતી આપવામાં આવશે. જેમાં દિવ્યાંગ ઓળખકાર્ડ, દિવ્યાંગ સાધન સહાય, દિવ્યાંગ પેન્શન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય, દિવ્યાંગ યુડીઆઈડી કાર્ડ જેવી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવશે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જણાવ્યું છે કે, દિવ્યાંગોએ ઓનલાઈન સેવાનો પણ વધુમાં વધુ લાભ લેવો જોઈએ. આ તમામ યોજનાઓ http://esamajkalyan.gujarat.gov.in વેબસાઈટ પર અરજી કરી શકાય છે. જેમાં ગ્રામ પંચાયત ખાતે વીસીઈ દ્વારા ઓનલાઈન કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હોય, જિલ્લા કક્ષાએ દૂરના વિસ્તારોમાંથી આવવાની જરૂર રહેતી નથી. સીટીઝન હેલ્પરમાંથી તમામ માહિતી મળશે તેમજ અમારી દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ દ્વારા સાયબર કાફે કે ઓનલાઈન ફોર્મ ભરી આપતી સંસ્થાઓ દ્વારા અથવા એન્ડ્રોઈડ મોબાઈલથી ઘરેબેઠા પણ કરી શકાય છે, ઉપરાંત અરજીનું સ્ટેટશ પણ જોય શકાય છે. અરજી કયા સ્તરે પહોંચી તેની જાણકારી મેસેજ દ્વારા મળી જશે.

## દાહોદ વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘની જે.સી. બેંકના ડાયરેકટરની ચુંટણીમાં બે ઉમેદવારો વિજય

દાહોદ,

દાહોદ વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘની જેસીબેંકનાં ડાયરેક્ટરની યોજાયેલી ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં નીલમ કોર તેમજ વાજીદખાન વિજેતા જાહેર થતાં રેલવે સ્ટેશનની બહાર મજદૂર સંઘની ઓફિસ ખાતે જીતની ઉજવણી કરાઈ હતી. તેમજ બન્ને વિજેતા ઉમેદવારોએ વોટર્સનો ભારોભાર આભાર વ્યક્ત કર્યો હતો.

દાહોદમાં જે.સી. બેન્કમાં ડાયરેક્ટર પદ માટેની ગત દિવસે ૨૬ મીએ ચૂંટણી દાહોદના રેલ્વે સ્ટેશન પર શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. ત્યારબાદ ૨૭ મીએ મતગણરી કરતા દાહોદ વેસ્ટર્ન રેલ્વે મજદૂર સંઘના ઉમેદવાર નીલમ કોરની ૩૧૭૩ અને વાજીદખાનને ૨૭૫૮ વોટ મળતા વિજેતા જાહેર કરાયા હતા. તે બાબતે આજરોજ રેલ્વે સ્ટેશન પાસે આવેલી ઓફિસમાં મજદૂર સંઘના ડિવિઝનલ સેક્રેટરી બી.કે.ગર્ગ રેલવે સ્ટેશન શાખા નંબર ૩ સચિવ સચીન મિશ્રાની ઉપસ્થિતિમાં બન્ને વિજેતા ઉમેદવારોએ વોટર્સનો આભાર માન્યો હતો. હાલ કોરોનાની મહામારીને ધ્યાને સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાવચેતી પૂર્વક રાખવામાં આવ્યું હતું. અને સોશ્યલ ડિસ્ટનનું પણ પૂરતું ધ્યાન રાખવામા આવ્યું છે.

## સીંગવડના પરમારના ડુંગરાની સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

સીંગવડ તાલુકાના પરમારના ડુંગરા ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

સીંગવડ તાલુકાના મલેકપુર ગામે રહેતો સંજયભાઈ છગનભાઈ કટારાએ ગત તા.૦૯મી નવેમ્બરના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોરોના નિયમ ભંગઃ કાંતિ ગામીત, તેમના પુત્ર સહિત ૧૮ લોકોની ધરપકડ

તાપી,

કોરોના મહામારી દરમિયાન ભાજપના નેતાઓ દ્વારા કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાના અનેક કિસ્સાઓ સામે આચી ચૂક્યા છે. ત્યારે ગઈ કાલે વધુ એક ભાજપ નેતા કાંતિ ગામીત દ્વારા ૬૦૦૦થી વધુ લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવ્યા હતા. ભાજપ નેતાએ પોતાની પુત્રીના લગ્નમાં એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમા લગભગ ૬૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. અને આ લગ્ન સમારંભમાં કોરોના ગાઈડલાઈનનાં ધજાગરા ઉડ્યા હતા. આ મામલે તાપી પોલીસવડા એકશનમાં આવી અને સોનગઢ પોલીસની ડોસવાડા બીટ જમાદારનો ભોગ લેવાયો છે ત્યાં



જ એએસઆઈ અનિરુદ્ધસિંહ દેવસિંહ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે આ મામલે પોલીસે આકરી કાર્યવાહી કરી છે અને કાંતિ ગામીત સામે ૩૦૮ મુજબ ગુનો નોંધ્યો છે.

અને કાંતિ ગામીત અને તેમના પુત્ર સહિત ૧૮ લોકો સામે ગુનો દાખલ કરી તમામ લોકોની ધરપકડ કરી છે. ત્યાં જ પીઆઈ સી.કે ચૌધરી અને કોન્સ્ટેબલ અને સ્થાનિક કોર્પોરેટર વિનોદ ચંદેતરાની પણ ધરપકડ કરવામાં આવી છે. કાંતિ ગામીતના ઘરે ભીડ ભેગી થવા મામલે પોલીસે કાર્યવાહી કરી કાંતિ ગામીતની ધરપકડ કરી છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કાંતિ ગામીત સહિત ૧૮ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કાંતિ ગામીત અને તેમના પુત્ર સહિત ૧૮ લોકો સામે કલમ ૩૦૮ મુજબ ગુનો નોંધાયો છે અને તામ લોકોની સોનગઢ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

ગઈ કાલે જે જગ્યાએ કાંતિ ગામીતની પૌત્રીની સગાઈનો પ્રસંગ હતો ત્યાંજ કોરોના કેસ નોંધાયો છે. ડોસવાડના ભગતફળિયામાં નવો કોરોના કેસ નોંધાયો છે. જે ચિંતાજનક સમાચાર છે કારણ કે ગઈ કાલે અહિંયા જ ૬૦૦૦થી વધુ લોકો એકઠા થયા હતા અને કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી લોકો ઝૂમ્યા હતા. ત્યાં જ આ કાર્યક્રમમાં લોકો માસ્ક વગર જ જોવા મળ્યા હતા. ડોસવાડના ભગતફળિયામાં કોરોનાનો નવો કેસ આવતા હવે લોકો ફફડી ઉઠ્યા છે અને જો આ કોરોના દર્દી ગઈ કાલે આ કાર્યક્રમમાં હાજર રહ્યો હોય તો અહિં કોરોનાનો રાફડો ફાટી શકે છે.

## મોરવા(હ)ની સુલીયાત ગામના ૫૫ વર્ષીય આધેડે ઝેરી દવા પી જતાં મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સુલીયાત ગામે રહેતા ૫૫ વર્ષીય આધેડ ખેતરમાં પાણી મુક્તા હતા. દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના સુલીયાત ગામે રહેતા માનસીંગભાઈ ભેમાભાઈ મુનિયા ઉ.વ.૫૫ પોતાના ખતેરમાં પાણી મુક્તા હતા. તે દરમ્યાન કોઈ અગમ્યકારણોસર મનમાં લાગી આવતાં ઝેરી દવા પી ગયા હતા. ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના મોટા ભામૈયા ફળીયાનો ૪૩ વર્ષીય યુવાન ઘરેથી કહ્યા વગર કયાંક ગુમ થતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના મોટા ભામૈયા ગામે ખેડા ફળીયામાં રહેતા ૪૩ વર્ષીય યુવાન ઘરેથી મસાલો ખાવા જ્વા નિકળીને ક્યાં ચાલ્યા જઈ ગુમ થતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના મોટા ભામૈયા ગામે ખેડા ફળીયામાં રહેતા બીપીનભાઈ બલુભાઈ પટેલ પોતાના ઘરેથી મસાલો ખાવા જવાનું કહીને નીકળેલ હતા. ઘરે કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા જઈ ગુમ થતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

(પાન નં.૪ નું ચાલુ)

### ઘોઘંબા આંતરરાષ્ટ્રીય મહિલા....

અણમોલ ભેટ છે અને તેને સાચવીને જીવન જીવવાની પ્રેરણા યુવાવર્ગમાં મળી રહે તેવા હેતુ સાથે યુવતીઓ અને મહિલાઓ હાથમાં પ્લે કાર્ડ તેમજ બેનરો સાથે જોડાયા હતા અને યુવતીઓ અને મહિલાઓના અપ મૃત્યુના સંજોગોમાં પોલીસ ફરીયાદ કરવામાં આવે અને કાયદેસરના પગલાં લેવાય તેવી માંગણી ઓ સાથે મૌન રેલી કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ. જેમાં " યુવા પેઢી બચાવીએ" , " જીવન બચાવીએ " યુવાનોની મરજી ને માન આપીએ અપમૃત્યુના બનાવો અટકાવીએ " દાવા પ્રથા નાબૂદ કરીયે ..જેવા પ્લે કાર્ડ સાથે યુવતીઓ જોડાઈ હતી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 86

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## દર વર્ષની માફક ફરી એકવાર સફાઈ કલેકશન કામગીરી વિવાદમાં

# ગોધરા નગરપાલિકાની ૭ એજન્સીઓને નકારીને જુની એજન્સીને મંજુર કરવામાં આવતાં ઉહાપોહ




ગોધરા,
ગોધરા નગરપાલિકા હસ્તક સફાઈ કામ હેઠળ ડોર ટુ ડોર કચરા કલેકશન માટેના પ્રસિદ્ધ કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયા હેઠળ ૭ જેટલી એજન્સીઓએ પોતાની દાવેદારી નોંધાવી હતી. પરંતુ ગોધરા નગરપાલિકાના આંતરિક રાજકારણ વચ્ચે કોઈપણનું ટેન્ડર મંજુર નહીં કરીને ભુતકાળમાં કાર્યરત એજન્સીને મુદ્દત લંબાવવામાં આવતા સુરત દરબાર વેસ્ટ કોર્પોરેશન દ્વારા વડોદરા પ્રાદેશિક કમિશ્નરની કચેરીમાં ઘા કરીને તમામ નીતિનિયમોનો ભંગ કરાઈ રહ્યો હોવાનો આક્ષેપ સાથેની અરજી કરવામાં આવી છે. હવે જોવું રહ્યું કે પ્રાદેશિક નિયામક કચેરી દ્વારા ડોર ટુ ડોર કલેક્શન ઉઘરાવતી એજન્સીને કેટલા સમયમાં ન્યાય આપે છે. અત્રે નોંધનીય છે કે ગોધરા નગરપાલિકામાં દર સમયે કચરા કલેકશન ઉઘરાવતી એજન્સીને નિમણુંક આપવા બાબતે વિવાદ સર્જાય છે. તે મુજબ ચાલુ વર્ષે પણ વિવાદે સ્થાન લીધું છે.

સુરતની દરબાર વેસ્ટ કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર કલેકશન ઉઘરાવતી કામગીરી કરતી સંસ્થા એ પોતાના નિયમ પ્રમાણે ટેન્ડર ભર્યું હતું. પોતાના નાણાંકીય આર્થિક સધ્ધરતા તથા માઠાદીઠ સફાઈ કામદારો સહિતની વિવિધ ખર્ચા સાથેની વિગતો રજુ કરતું ટેન્ડર રજુ કરીને ગોધરા નગરપાલિકામાં કામગીરી માટેની માંગણી કરી હતી. પરંતુ આંતરિક વિખવાદ વચ્ચે એક જ એજન્સીને કામગીરી મળે તે પ્રમાણે રાજકીય ખેલ ખેલીને ભુતકાળમાં કામગીરી કરતી એજન્સીની મુદ્દત લંબાવવામાં આવતાં અન્ય સાત એજન્સીઓ પણ આશ્ચર્યમાં મુકાઈ હતી. સુરતની દરબાદ વેસ્ટ કોર્પોરેશન દ્વારા પ્રાદેશિક નિયામક કચેરી વડોદરાને કરાયેલી અરજીમાં જણાવ્યું હતું કે, ડોર ટુ ડોર કચરા કલેકશન "એલ –૧" અન્વયે વર્ક ઓર્ડર આપવા બાબતે ઘટતો હકમ થવા સારૂ તથા નગર સેવાસદન, ગોધરા વિરૂદ્ધ ખાતાકીય રાહે કાર્યવાહી થવા સારૂ માંગણી કરાઈ હતી કે અરજદારની અરજ છે કે : ( ૧ ) અરજદાર "દરબાર વેસ્ટ કોર્પોરેશન"ના નામથી લીકવીડ અને સોલીડ વેસ્ટ ઉપાડવાની કામગીરી કરીએ છીએ, બહોળો અનુભવ, આર્થિક સધ્ધરતા ધરાવીએ છીએ.

ગોધરા નગર સેવાસદન મુકામે "ડોર ટુ ડોર કચરા કલેકશન" ટેન્ડર ઈન્વાઈટ કરવા સારૂ જાહેરાત પ્રસિદ્ધ થયેલ, અને ઈ–ટેન્ડર મંગાવવામાં આવેલ. જે ટેન્ડર રજુ કરવાની સમય મર્યાદા અવધિ તા. ૧૫/૭/૨૦૨૦ સુધીની ઠરાવેલ. જેમાં પ્રાઈસ બીડ તથા ટેકનીકલ બીડ તા. ૨૭/૭/૨૦૨૦ નારોજ ઓપન કરવા નકકી કરેલ છે. પરંતુ ગોધરા નગર સેવાસદને સ્યુઓમોટો ઉપરોકત ટેન્ડર પ્રક્રિયા રદ કરેલ છે. અને ત્યારબાદઆ ટેન્ડરમાં કુલ ૧ થી ૧૧ વોર્ડમાં આવેલ મીલ્કતો માટે ટેન્ડર મંગાવેલ હતા.

તેમાં સુધારો કરી ગોધરા નગર વિસ્તારની મીલકતોને બે ઝોનમાં વિભાજીત કરી નવેસરથી ટેન્ડર મંગાવેલ હતા. જેમાં ઝોન –૧ માં કુલ ૧ થી ૫ વોર્ડની ૨૫,૩૬૯/–મીલ્કત માટે તથા ઝોન–૨ની વોર્ડ નં.૬ થી ૧૧ની કુલ ૧૮,૭૨૮/–ની મીલ્કત માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. જેની સમય અવધી તા. ૨૪/૭/૨૦૨૦ ઠરાવેલ હતું. જેમાં અમોએ ઝોન –૧ ની વોર્ડ નં. ૧ થી ૫. ૨૫,૩૬૯ / – મીલ્કત માટે ટેન્ડર રજુ કરેલ અને ટેકનીકલ બીડ ઓપન થયાની તા. ૪/૮/૨૦૨૦ ઠરાવેલ છે. તે દિવસે ગોધરા ચીફ ઓફીસર એ ટેકનીકલ બીડ ઓપન કરેલ નહીં, અને ત્યારબાદ તા. ૧૩/૮/૨૦૦૦ ના અરસામાં ટેકનીકલ બીડ ઓપન કરવામાં આવેલ. જેમાં બીડ ઓપન કરવામાં આવેલ. જેમાં અમો અરજદાર સહિત અન્ય કુલ –૬ એજન્સીઓએ ટેન્ડર રજુ કરેલ. જેમાં અમો "એલ –૧" હોઈ, ઉપરોક્ત ટેન્ડર મેળવવા હકકદાર હતા. પરંતુ અમો અરજદારને ટેન્ડરમાં જણાવ્યા મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી, અને સમય ગત કરવામાં આવેલ છે.

- સુરતની દરબાદ વેસ્ટ કોર્પોરેશન દ્વારા તમામ માપદંડમાં માન્યતા.
- સુરતની એજન્સીને નકારીને અન્ય એજન્સીને પુનઃ કામગીરી સોંપતા વિવાદ.
- સુરતની એજન્સી પાસે માનવબળ કે કામગીરીને પહોંચી વળવા માટે સક્ષમ.
- સુરતની એજન્સીને નકારવામાં આવતાં પ્રાદેશિક નિયામક કચેરીમાં વાંધા અરજી.
- અન્ય વિસ્તારોમાં અનુભવ હોવા છતાં એજન્સીને કેમ નકારવામાં આવી ?
- અગામી સમયમાં કચરા કલેકશન કામગીરી અંગે રાજકીય ખેલ ખેલાશે.

### ગોધરા નગરપાલિકા એ નામંજુર કરેલ ટેન્ડર સામે વાંધા અરજી રજુ કરી

આથી વારંવાર રજુઆત કરવા છતાં, વર્ક ઓર્ડર આપેલ નહીં, અને વર્ક ઓર્ડર નહીં આપવાના કોઈ કારણો પણ જણાવેલ નહીં, અને ત્યારબાદ મનસ્વી પ્રક્રિયા અનુસરી ત્રીજી વખત કુલ ૧ થી ૧૧ વોર્ડની સંયુકત મીલ્કતો માટે ટેન્ડર મંગાવવા જાહેરાત પ્રસિદ્ધ કરેલ અને શરતોમાં ફેરફાર કરી નવેસરથી ટેન્ડર મંગાવેલ. જેની અંતિમ તા.૨૫/૦૯/૨૦૨૦ નકકી થયેલ અને નિયમ અનુસાર નવેસરથી ટેન્ડર રજુ કરેલ. જેની ટેકનીકલ બીડ ઓપન તા.30/૦૯/૨૦૨૦ નારોજ હાજર રહેલ અને અમો અરજદાર સહિત કુલ ૭ એજન્સીઓએ ટેન્ડર સબમીટ કરેલ. જેમાં અમો અરજદાર સૌથી ઓછા ભાવે "એલ-૧" રહેલ. જેથી ઉપરોક્ત ટેન્ડર મુજબ વર્ક ઓર્ડર મેળવવા માટે હકદાર બનેલ છીએ.

**વધુ અહેવાલ આવતાં અંકે**

### સફાઈ કામગીરી નિષ્ફળ છતાં કેમ પુનઃ કામગીરી સોંપાઈ ?

ગોધરા શહેરની આશરે ૧.૫૦ લાખની વસ્તી છે. પંચમહાલ જીલ્લાની મુખ્ય મથક ગોધરામાં રોજીંદા આસપાસના ગામ માંથી ખરીદદારો આવે છે. પરંતુ આવા ગ્રાહકો તથા મુલાકાતીઓ સ્વચ્છતા બાબતે મનમાં ઉંડી છાપ લઈને જાય છે. ગોધરા શહેરમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. શહેરીજનોની ફરીયાદો છતાં નગર પાલિકા દ્વારા નિયમીતપણે કચરો ઉઠાવવા નહીં આવતાં ગંદકીના સામ્રાજય જોવા મળતા લોકો અસહ્ય દુર્ગંધથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. શહેરમાં અસ્વચ્છ અને નિયમિત પ્રમાણે કામગીરી નહી થતી હોવાની લાગણી અને સાથે નગરપાલિકામાં કામગીરી ન થતી હોવાનો પ્રશ્ન ઉઠાવતા હોય છે. ત્યારે પણ આજ એજન્સીના ટેન્ડર આપવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આવી પરિસ્થિતીમાં ગોધરા શહેર ગંદકીનું ઢગ બનતું લાગી રહ્યું છે. તેવા સમયે ફરીથી એજન્સીને કેમ કામગીરી સોંપવામાં આવી તેમ નગરજનો પ્રશ્નાર્થ કરી રહ્યા છે.

## ઘોઘંબા આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નાબુદી પખવાડીયાની ઉજવણી નિમિતે રેલી યોજાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
૨૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર સુધી ચાલી રહેલા મહિલા હિંસા નાબુદી પખવાડિયા અંતર્ગત આજરોજ દેવગઢ મહિલા સંગઠન અને આનંદી સંસ્થાની મહિલાઓ અને યુવતીઓ દ્વારા સાથે મળીને બારીયા ફળી થી સીમળીયા પાલ્લી સુધીની એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલના સંજોગોમાં દર ત્રણ મહિલામાંથી એક મહિલા કે યુવતીઓ એક અથવા બીજી રીતે હિંસાનો ભોગ બની રહી છે. જેના કારણે યુવાનો અને યુવતીઓમાં વધી રહેલા અપમૃત્યુના બનાવો ને અટકાવવા ની ઝુંબેશ ના ભાગરૂપે તેમજ માનવ જીવન એ કુદરતની

(અનુ.પાના.નં.૨)

## પંચમહાલ જિલ્લામાં આજે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી કરાશે

ગોધરા,
૩ ડિસેમ્બરનો દિવસ વિશ્વભરમાં વિશ્વ દિવ્યાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પંચમહાલ જિલ્લામાં પણ સમાજસુરક્ષા વિભાગ દ્વારા આવતીકાલે આ નિમિત્તે એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ગૂગલ મીટ દ્વારા સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન યોજાનારા આ વેબિનારમાં દિવ્યાંગો માટે કામ કરતી એનજીઓ, શિક્ષકો અને જાગૃત નાગરિકો જોડાશે. આ વેબિનારમાં જીલ્લામાં વસતા તમામ દિવ્યાંગ ભાઈ–બહેનોને સમાજ સુરક્ષા કચેરીની વિવિધ દિવ્યાંગ કલ્યાણલક્ષી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે તેમજ તેને લગતા પ્રશ્નો–સમસ્યાઓનું પણ સમાધાન કરવામાં આવશે. દિવ્યાંગ દિન નિમિત્તે ગાંધી બહેરા–મૂંગા શાળાના બાળકો એક ઓનલાઈન ચિત્રસ્પર્ધામાં ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ધી રાઈટસ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ –૨૦૧૬ના કાયદા હેઠળ હવે ૨૧ પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકોને સમાજ સુરક્ષા કચેરીની વિવિધ યોજનાઓનો લાભ મળવાપાત્ર છે. ૨૧ પ્રકારની વિકલાંગતાની કેટેગરીઓ આ મુજબ છે. (૧) અસ્થિવિષયક (૨) સેરેબ્રલ પાલ્સી (૩) એસિડ હુમલાનો ભોગ બનેલ વ્યકિત (૪) વામનતા (૫) સ્નાયુક્ષય (૬) રકતપિત્તમાંથી સાજા થયેલ (૭) બહુવિધ સ્કલેરોસિસ (૮) હિમોફીલીયા (૯) થેલેસેમીયા (૧૦) સિકલસેલ એનેમિક (૧૧) પાર્કિન્સન (૧૨) ક્રોનિક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર (૧૩) માનસિક અસક્ષમ (૧૪) માનસિક બીમાર (૧૫) અંધત્વ (૧૬) લો–વિઝન (૧૭) ચોકકસ લર્નિંગ અશકતતા (૧૮) વાણી અને ભાષાની અશકતતા (૧૯) સાંભળવાની અશકતતા (૨૦) ઓટીઝમ (૨૧) મલ્ટીપલ અસક્ષમતા જેવી વિકલાંગતામાં ૪૦ ટકા કે તેથી ઉપરની વિકલાંગતા ધરાવતા હોય તેવા વ્યકિતઓને સમાજ સુરક્ષા કચેરીની યોજનાઓ જેવીકે મફત મુસાફરી બસ પાસ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના,દિવ્યાંગ લગ્ન સહાય યોજના,સંત સુરદાસ આર્થિક સહાય યોજના (૮૦ ટકા વિકલાંગતા હોય તેમના માટે), દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના તથા UDID કાર્ડ યોજનાની તમામ દિવ્યાંગજનોને આ યોજનાઓનો લાભ મળવાપાત્ર છે. તે માટે હવે ઘરે બેઠા https://esamajkalyan.gujarat.gov.in/ ઉપર ઓનલાઈન અરજી પણ કરી શકાય છે અને તેમાં કરેલ અરજીનુ સ્ટેટસ પણ જાણી શકાય છે અથવા રૂબરૂ સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા બસ સ્ટેશન ની પોલીસ ચોકી પાસે પસાર થતાં હાઈવે માર્ગ ઉપર એક મહિના ઉપરાંતથી પાનમના પીવાના પાણીની લાઈન લીકેજ હોવાથી પાણીની રેલમછેલ થતી જોવા મળી રહી છે. આ પાણીની લાઈન લીકેજ હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ મરામત કરવામાં આવી નથી. હાઈવે માર્ગ ઉપર પાણીના ખાબોચીયા ભરાતા ત્યાંથી પસાર થતા વાહનચાલકો ને ભારે તકલીફ પડવા સાથે અમુક સમયે રાહદારીઓને પાણી ઉડતા કપડા બગાડતા હોય છે. આ બાબતે પાણી પુરવઠા તંત્ર દ્વારા ગંભીરતા લેવાની જગ્યાએ મરામત કરવામા આંખ આડા કાન કરતા તંત્ર સામે પસાર થતા વાહનચાલકો નો આક્રોશ જોવા મળતો હોય છે. પાણીની લાઈન લીકેજ ના કારણે હાઈવે માર્ગ ઉપર ધીમે-ધીમે મોટો ખાડો પડતો જઈ રહયો હોવાથી કોઈ મોટી ઘટના બનવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

## કોવિડ-૧૯ વેકિસનેશન અંગે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ




ગોધરા,
કોવિડ–૧૯ રસી ઉપલબ્ધ થવા સાથે શક્ય તેટલી વહેલી તકે અસરકારક રીતે રસીકરણની પ્રક્રિયા શરૂ કરવા માટે સરકાર દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં પંચમહાલ જિલ્લામાં પણ કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ હતી. કોવિડ–૧૯ની રસી તૈયાર થવાના અંતિમ તબક્કામાં છે ત્યારે રસી ઉપલબ્ધ થયે જિલ્લામાં તેના સંગ્રહ, પરિવહન અને વિતરણની વ્યવસ્થાઓ–સંસાધનોની પૂર્વ તૈયારીઓ અંગે જિલ્લા સમાહર્તાએ વિગતવાર માહિતી મેળવી સૂચના આપી હતી. તેમણે કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ સિસ્ટમ, સંગ્રહ ક્ષમતા, વેક્સિન કેરિયર, કોલ્ડ બોક્સ, આઈએલઆર સહિતની વ્યવસ્થાઓ આવશ્યક પ્રમાણમાં ઉપલબ્ધ કરવાના પૂર્વ આયોજન અંગે સૂચના આપી હતી. પ્રથમ તબક્કામાં હેલ્થકેર પ્રોવાઈડર્સને રસી આપવાની છે ત્યારે માર્ગદર્શિકા અનુસાર જિલ્લામાં કાર્યરત તમામ સરકારી–ખાનગી સ્વાસ્થ્યકર્મીઓના ડેટા એકત્રીકરણની કામગીરી વિશે તેમણે સૂક્ષ્મ વિગતો મેળવી એક પણ સ્વાસ્થ્યકર્મી રહી ન જાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને કલેક્ટરએ નિર્દેશ આપ્યા હતા. જિલ્લાના તમામ વર્ગના લોકો રસીકરણની ઝુંબેશમાં જોડાઈને પોતાની જાતને સુરક્ષિત કરે તે માટે સ્થાનિક સામાજિક–ધાર્મિક અગ્રણીઓ સાથે બેઠક કરી લોકોમાં આ અંગે વિધાયક વાતાવરણ સર્જવા તેમજ વેક્સિનેશન કેમ્પ યોજી શકાય તેવા સ્થળો આઈડેન્ટીફાય કરવાની દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. વેક્સીન જેમણે આપવાની થશે તેવા વેક્સિનેટર્સની તાલીમ ઉપરથી આવતા નિર્દેશો અનુસાર કોઈ ભૂલ વગર યોજાય તે સુનિશ્ચિત કરવા તેમણે સૂચના આપી હતી. બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી રાઠોડ, તમામ પ્રાંત અધિકારીઓ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, સિવિલ સર્જન, કોવિડ કામગીરીમાં રોકાયેલ તમામ નોડલ અધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પંચમહાલ જિલ્લામાં વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે કલેકટરના હસ્તે એઈડ્સની સારવાર અને બચાવ સંદર્ભે અસરકારક કામગીરી કરનારને સન્માનિત કરાયા




ગોધરા,
વિશ્વભરમાં ૧ ડિસેમ્બરનો દિવસ વિશ્વ એઈડ્સ દિવસ તરીકે ઉજવાય છે. પંચમહાલ જિલ્લામાં પણ આ દિન નિમિત્તે એચઆઈવી/એઈડ્સ સંદર્ભે બચાવ, સારવાર અને જાગરૂકતા સંબંધી કામગીરી કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓને બિરદાવતો કાર્યક્રમ જિલ્લા કલેકટર અમિત અરોરાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી, ગોધરા ખાતે યોજાયો હતો. કોરોના કટોકટીની ભયજનક સ્થિતિ વચ્ચે પણ એચઆઈવીની અટકાયત માટે કામગીરીને બિરદાવી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ તમામ લોકોને પ્રમાણપત્રો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરએ આ બાબતમાં વધુ જાગરૂકતા ફેલાવવા જિલ્લાની સીએચસી અને પીએચસીને વધુ સક્રિય બનવા જણાવ્યું હતું. આ પ્રસંગે રેડક્રોસના ચેરમેન ડૉ. કે.વી.પંચાલ દ્વારા સ્વાગત પ્રવચન તેમજ વાઈસ ચેરમેન કે.ટી.પરીખ દ્વારા આભારવિધિ કરવામાંઆવી હતી. કાર્યક્રમમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એસ.કે.જૈન, સિવિલ સર્જન ડૉ.પીસાગર સહિતના આરોગ્ય અને તબીબી સેવાના અગ્રણી અધિકારીઓ તેમજ રેડક્રોસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૨૮૫ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૨૮૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૧૧, ગોધરા ગ્રામ્ય–૦૫, હાલોલ–૦૭, કાલોલ–૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૩૪.
- મૃત્યુ આંક - ૧૨૨.